પાલનપુર તાલુકાના આંત્રોલી મુકામે સોસાયટી ફોર એન્વાયરમેન્ટ ગેટેક્શન અને મહેન્દ્રા ફાયનાન્સના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રતનપુર લોકનિતકેતન વિદ્યાલયના એમ.એસ. ડબલ્યુના વિદ્યાર્થીઓ, આંત્રોલી ગામના લોકો અને સેપ સંસ્થા અમદાવાદના અધિકારીઓએ ૧૦૦૦ વૃક્ષોનું વાવેતર કર્યું હતું. સોસાયટી ફોર એન્વાયરમેન્ટ ગેટેક્શન સંસ્થા પર્યાવરણના જતનની અને વૃક્ષ ઉછેરની કામગીરી કરે છે. વૃક્ષારોપણ કાર્યક્રમાં શિવમંદિર આશ્રમના મહંતશ્રી -કાશગીરીજી, સેપના ગ્રામ ઓફિસરશ્રી નીતિન ધુમડા, શ્રી અરવિંદ પટેલ, સરપંચશ્રી, ગામના અગ્રણીઓ અને ગામલોકો જોડાયા હતાં. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાટનગરમાં રિક્ષા ગેંગ પુનઃ સક્રીય

રિક્ષા ગેંગે વૃધ્ધને રિક્ષામા બેસાડીને ૧૫ હજાર રૂપિયા સેરવી લીધા : 'તમે ચાલીને ક્યારે પહોંચશો દાદા..? પાંચ રૂપિયા ભાડુ આપજો' કહીને વૃદ્ધને ઘ-૪ થી બેસાડી વિધાનસભા સામે ઉતારી મુક્યા હતા : પુત્રવધૂની દવાઓ લાવવા બેન્કમાંથી રૂપિયા ઉપાડીને પાલજ જઈ રહ્યા હતા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરમાં વિવિધ પ્રકારના ગુનાઓ માટે વિવિધ ગેંગ સક્રિય થઈ છે. ઘરફોડ ગેંગ, વાહન ચોરતી ગેંગ, કારના કાચ ફોડીને કિંમતી ચિજવસ્તુ ચોરતી ગેંગ, ચેઈન સ્નેચીંગ કરતી ગેંગ સહિત વિવિધ ગેંગ પાટનગરમાં પેધી પડી ગઈ છે. ઘણા સમયથી ભુગર્ભમાં જતી રહેલી રિક્ષા ગેંગે આજે પાટનગરમાં પુનઃ સક્રીય થઈને પરચો આપ્યો છે. સે. ૧૬ બેંક ઓફ ઈન્ડીયામાંથી પુત્રવધૂની દવાઓ માટે રૂપિયા ઉપાડીને નીકળેલા ૭૬ વર્ષિય વૃધ્ધને રિક્ષામાં બેસાડી ઘ-૪ બસ સ્ટેન્ડથી વિધાનસભા સુધી લઈ ગયા અને ખિસ્સામાંથી રૂ. ૧૫ હજાર સેરવી લઈને વૃદ્ધને ઉતારી મુકી પલાયન થઈ ગયા હતા. સે. ૨૧ પોલીસે વૃધ્ધની ફરીયાદને આધારે ગુનો દાખલ કરીને તપાસનો દૌર શરૂ કર્યો છે.

મળતી વિગતો મુજબ ગાંધીનગર નજીકના પાલજ ગામના વણકરવાસમાં રહેતા ૭૬ વર્ષિય શકરાભાઈ નારણભાઈ પુરબીયા આજે સવારે ગાંધીનગર આવ્યા હતા. તેમની પુત્રવધૂ આંગણવાડીમાં નોકરી કરે છે અને એકાદ મહિના પહેલા પ્રસુતી થઈ હતી. જે માટે દવાઓ લેવા શકરાભાઈ રૂપિયા ઉપાડવા ગાંધીનગર સે. ૧૬ બેંક ઓફ ઈન્ડીયા આવ્યા હતા. બેંકમાંથી રૂ. ૧૫ હજાર ઉપાડીને ખિસ્સામાં મુકી શકરાભાઈ ચાલતા-ચાલતા ઘ-૪ બસસ્ટેન્ડ પહોંચ્યા હતા. યુ-ટર્ન મારીને એક રિક્ષા તેમની પાસે આવી જેમાં ચાર જણા પાછળ બેઠા હતા અને એક રિક્ષા ડ્રાઈવર...! શકરાભાઈએ રિક્ષા કરવાની ના પાડી તો રિક્ષા ડ્રાઈવરે કહ્યું કે 'તમે ચાલીને ક્યારે પહોંચશો દાદા ..? પાંચ રૂપિયા ભાડુ આપજો તેમ કહીને બેસાડી દીધા હતા. ઘ-૪ બસસ્ટેન્ડથી લાઈબ્રેરી રોડ થઈને વિધાનસભા સામેના રોડ સુધી રિક્ષા લઈ જવાઈ અને એક જણે બુમાબુમ કરી કે દાદા પડી જશે, આગળ ટ્રાફીક પણ છે ઉતારી દો..! રિક્ષા ઉભી કરીને શકરાભાઈને ઉતારી મુકીને રિક્ષા ભગાડી દઈ ડ્રાઈવર સહિત પાંચેય શખ્સો ફરાર થઈ ગયા હતા. શકરાભાઈએ ખિસ્સામાં હાથ નાખ્યો તો રૂ. ૧૫ હજાર ગાયબ હતા. રિક્ષા ગેંગ ખિસ્સામાંથી રૂપિયા સરકાવીને જતા રહ્યા હતા. શકરાભાઈએ એક બાઈકચાલકને ઉભા રાખીને રિક્ષાનો પીછો કરવા પ્રયત્ન કર્યો પરંતુ ત્યાં સુધીમાં રિક્ષા ગેંગ પણ ગાયબ ઈ ગઈ હતી. સે. ૨૧ પોલીસે આ બનાવ અંગે શકરાભાઈની ફરીયાદ મુજબ ગુનો દાખલ કરીને પી.એસ.આઈ. સી.બી. ચૌહાણે ઊંડી તપાસ શરૂ કરી છે.

પતિની થયેલી હત્યામાં શકમંદ પત્નિનો એસ.ડી.એસ. ટેસ્ટ થશે

મૃતકના ભાઈએ પત્નિએ જ હત્યા કરી હોવાની શંકા વ્યક્ત કરી ફરીયાદ આપી હતી

ગાંધીનગર, તા. ૧૮

શહેરના પ્રેસ સર્કલ પાસેના છાપરામાં અઠવાડીયા અગાઉ યુવાનને માથાના ભાગે થયેલી ઈજાઓ સાથે ઘાયલ હાલતમાં હોસ્પિટલ લઈ જવાયો હતો. રાત્રે જ તેનું સારવાર દરમ્યાન મૃત્યુ થયું હતું. આ પ્રકરણમાં મૃતકના ભાઈએ મૃતક યુવાનની પત્નિએ જ હત્યા કરી હોવાની શંકા વ્યક્ત કરીને પોલીસ ફરીયાદ નોંધાવી હતી. સે. ૨૧ પોલીસે ગુનો નોંધી તપાસ આરંભી હતી. આ પ્રકરણમાં શકમંદ પત્નિનો એસ.ડી.એસ. ટેસ્ટ કરવામાં આવશે.

એક અઠવાડિયા પહેલા માથાના ભાગે ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં શહેરના ઘ-૭ પ્રેસ સર્કલ પાસેના છાપરામાંથી યુવાનને રાત્રે સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. અભેસિંગ ભાનુભાઈ વાદી નામના આ ઘાયલ યુવાનની હાલત ગંભીર જણાતા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. જ્યાં તેનું સારવાર દરમ્યાન મૃત્યુ થવા પામ્યું હતું. આ બનાવ અંગે મૃતકના ભાઈ દેવાસિંગ વાદીએ સે. ૨૧ પોલીસમથકે અભેસિંગની પત્નિ અરવિંદાબેને જ તેનું મર્ડર કર્યું હોવાની શંકા સાથે ફરીયાદ આપતા સે. ૨૧ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને તપાસ આરંભી છે. આ પ્રકરણમાં હત્યારા તરીકે શંકાના દાયરામાં આવેલી પત્નિ અરવિંદાનો એસ.ડી.એસ. ટેસ્ટ કરી ગુનો કર્યો છે કે કેમ તેની તપાસ પોલીસ દ્વારા એફએસએલની મદદથી કરવામાં આવશે.

બંધ તાર કચેરીની જગ્યાએ હવે ગ્રાહકલક્ષી સુવિધાઓ ઉપલબ્ધ થશે

ગાંધીનગર, તા. ૧૮

ન્યૂ ગાંધીનગરમાં ૫૦ કે તેથી વધુ જૂથમાં ટેલીફોન જોડાણની માંગણી સંદર્ભે ઈન્ટરનલ એક્ષચેઈન્જની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે. આ માટે સોસાયટી દ્વારા જગ્યાની ઉપલબ્ધિ કરવામાં આવશે તો ટેલીકોમ વિભાગ આ માટે તૈયારી દર્શાવી છે. આ ઉપરાંત, તારસેવા બંધ થયા બાદ આ જગ્યાએ હવે કેશકાઉન્ટર, ફેક્ષ, પી.સી.ઓ. તેમજ રીચાર્જ જેવી ગ્રાહકની સુવિધાઓ ઉપલબ્ધ થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચના જણાવ્યા મુજબ ટેલીકોમ અદાલત દરમિયાન ગ્રાહકલક્ષી પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. આ તબક્કે નવવિકસિત ન્યૂ ગાંધીનગરના વિસ્તારમાં ફાઈબર ટુ ધી હોમ જોડાણ આપવામાં આવશે. ૫૦થી વધુગ્રાહકોની ટેલીફોન જોડાણની માંગણી સંદર્ભે ડિવીઝનલ મેનેજર આશિષ ઠાકર, વી.વી. સોની, યુ.જે. ઓઝા, પી.કે. ચૌધરી સહીતના અધિકારીઓએ ઈન્ટરનલ એક્ષચેઈન્જ જેવી સુવિધા ઉપલબ્ધ કરવા તૈયારી દર્શાવી હતી. જ્યારે આ મામલે બિલ્ડરકક્ષાએ જ પ્રયાસો હાથ ધરવા મહામંડળે સૂચન કર્યુહતું. વધુમાં બંધ થયેલી તાર કચેરીની જગ્યાએહવે કેશ કાઉન્ટર, ફેક્ષ, એસ.ટી.ડી. મોબાઈલ રીચાર્જ તેમજ ઈ.મેઈલની ગ્રાહકલક્ષી સુવિધા ઉભી કરવામાં આવશે. બ્રોડબેન્ડમાં કનેક્ટીવીટીની તકલીફ દૂર કરવા ઉપરાંત ફરિયાદબુક કાઉન્ટર પર મુકવા ટેબલેટ મશીનનું મોડેલ ગ્રાહકો માટે પ્રદર્શિત કરવા પણ મહામંડળ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. ટેલીકોમ અદાલતમાં જાગૃત નાગરિક પરિષદના લવજી વાડીયા, રાજેન્દ્ર પારેખ, સુધીર દેસાઈ, કીશોર જીકાદરા સહીતના આગેવાનોએ ઉપસ્થિત રહી રજૂઆત કરી હતી.

કડી પી.ટી.સી. કોલેજમાં શિક્ષક દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ડૉ. રામભાઈ એમ. પટેલ પીટીસી કોલેજમાં શિક્ષિક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તાલીમાર્થી ભાઈઓ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અંતમાં એક દિવસ માટે પ્રિન્સીપાલ બનેલ મિત્તલબેન પટેલે તેમના અનુભવો તથા પ્રતિભાવોની રજૂઆત કરી હતી. સંસ્થાના પ્રિન્સિપાલ બાબુલાલ પટેલે શિક્ષકના ગુણો અને સમાજમાં શિક્ષકના સ્થાન વિશે સરસ નિરૂપણ કર્યુ હતુ.

ગાંધીનગરના પ્રવીણ ગઢવી અને ભરત કવિ : યુ-ટ્યુબ પર

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના જાણીતા સાહિત્યકાર, પૂર્વ સનદી અધિકારી અને ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પ્રવીણભાઈ ગઢવી તેમજ ગાંધીનગરના પત્રકાર અને ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ ભરત કવિ 'ઊર્મિલ'ની દસ કાવ્ય રચનાઓ યુ-ટ્યુબ ઉપર.

ગુજરાતના સુપ્રસિદ્ધ સાહિત્યકાર અને કવિ યોસેફ મેકવાન સંચાલિત 'યુ-ટ્યુબ' ઉપરથી જોવાનો લાભ લેવાનો ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યો અને ગાંધીનગરના કવિતા પ્રેમીઓને જાહેર અનુરોધ સાથે આ અંગે પોતાના પ્રતિભાવો પણ અચૂક પાઠવવાની સહુને હાર્દિક અપીલ છે.

(તસવીર : રમેશ વૈષ્ણવ)

સમગ્ર ખેડબ્રહ્મા તાલુકામાં છેલ્લા દસ દિવસથી ચાલી રહેલા ગણેશોત્સવનું આજે સમાપન થતાં ગણપતિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. ખેડબ્રહ્મા શહેરમાં બ્રમાજી ચોક, વણકરવાસ, ઠાકરડાવાસ, માણેકચોક, સરદારચોક, સુરતીકંપા, વાસણારોડ સહીત ૨૦ જગ્યાએ ગણપતિનું સ્થાપન કરવામાં આવ્યું હતું. માણેકચોકના ગણેશ મંડળમાં ૨૧ વર્ષ થતા સ્માઈલ પ્લીઝ ગ્રુપ દ્વારા ડી.જે.ના તાલે ભવ્ય પ્રોગ્રામ રજુ કરવામાં આવ્યો હતો. વિસર્જન પહેલા સામુહિક આરતી કરી બુધવારના રોજ બપોરે ડીજે અને બેન્ડના તાલે ગણપતિની વિસર્જન યાત્રા કાઢવામાં આવી હતી. સમગ્ર વિસર્જનમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે બે પી.એસ.આઈ. એક બોર્ડરવિંગ પીએસઆઈ અને ૮૦ પોલીસ જવાનો સહીત હોમગાર્ડ જવાનોનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

દરખાસ્ત અટવાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દેવાયું છે. ઘ-૪ થી ચ-૪ વચ્ચે સ્વર્ણિમ પાર્કની બાકી કામગીરી પૂર્ણ કરવા તંત્ર દ્વારા બે મહીના પૂર્વે અંદાજિત રૂ. ૪૦ કરોડના ખર્ચના અંદાજ સાથે વિભાગને દરખાસ્ત તૈયાર કરી મોકલવામાં આવી હતી. જયારે દરખાસ્ત સંદર્ભે ઉચ્ચ કક્ષાએથી રીમાર્કસ આવતા થોડા સમય અગાઉ તંત્ર કક્ષાએથી રી-વાઈઝ દરખાસ્ત પણ વિભાગને મોકલી દેવાઈ છે. જો કે સ્વર્ણિમ પાર્કના બીજા તબક્કાની કામગીરી સંદર્ભે છેલ્લા બે મહીનાના અંતે પણ દરખાસ્ત મુવ ન થતા ફ્રીમ પ્રોજેકટનું કામ અટવાયું છે. બીજા તબક્કાની કામગીરી અન્વયે લેન્ડ સ્કેપીંગ, જુદા જુદા સ્ટેચ્યુ ફાઉન્ટેઈન તેમજ વોટરબોડી સહીતના આકર્ષણનો ઉભા કરવામાં આવનાર છે.

દશાબ્દી મહોત્સવ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેવા કલાકારોની સંગે આ કાર્યક્રમ યોજાશે. સંચાલન નટુભાઈ પટેલ કરશે. જ્યારે ૨૩મી સપ્ટેમ્બરના રોજ 'અબીલ-ગુલાલ' કાર્યક્રમ અંતર્ગત સમયની સંદુકમાં સચવાયેલા ગુજરાતી ચલચિત્રોના ચિરસ્મરણીય ગીતોની દૃશ્ય-શ્રાવ્ય પ્રસ્તુતી કરાશે. હસમુખ પાટડિયા, નિરજ પાઠક, ગાર્ગી વોરા અને આનલ વસાવડા જેવા કલાકારો આ કાર્યક્રમની પ્રસ્તુતી કરશે. સંગીત પંકજ પાઠક અને શૈલેષ ઠાકરનું છે, જ્યારે પરિ કલ્પના અને પ્રવક્તા તુષાર જોષીનું છે. ગાંધીનગરના સંગીત પ્રેમીઓ માટે આ દશાબ્દી મહોત્સવ અમુલ્ય સંભારણુ બની રહેશે.

પોરા કાઢે છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ક્ષમતા સહિતની બાબતો વિશેની સમજ આપી રહ્યા છીએ. જિલ્લામાં વાહકજન્ય રોગચાળાની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં હોવાનું જણાવ્યું હતું. આ વખતે મેલેરિયા કરતાં ડેનગ્યુના કેસો વધ્યા હોવાનો તેમણે આડકતરો એકરાર કર્યો હતો. તંત્ર દ્વારા એન્ટી લાર્વલેની કામગીરી જે તે વિસ્તારમાં સફળતાપૂર્વક કરવામાં આવી રહી છે.

લીફ્ટ બદલવામાં..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અદ્યતન લીફ્ટ મુકવા માટે ગત ફેબ્રુઆરી મહીનામાં કામગીરી શરુ કરવામાં આવી હતી. નવી લીફ્ટ નાંખવા માટે રૂ. ૫ કરોડથી વધુ ખર્ચ કરવામાં આવનાર છે.

હાલ ભવનના ૧૮ બ્લોકમાં ૨૦ લીફ્ટ છે. જયારે મોટાભાગની લીફ્ટ જૂની હોવાથી ઓવરયુઝના લીધે શ્રતિગ્રસ્ત થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. જેને લઈ નવી લીફ્ટ મુકવાનું કામ શરુ કરાયું છે. હાલ ૧૪માંથી ૬ લીફ્ટ તૈયાર કરી દેવાઈ છે. જયારે આગામી ચાર મહીનામાં અન્ય ૮ લીફ્ટનું કામ પણ પૂર્ણ કરી દેવાશે. બીજી તરફ અન્ય ૬ લીફ્ટને બદલવા પણ ટૂંકમાં આયોજન હાથ ધરવામાં આવશે. પ્રથમ તબક્કાની કામગીરી પૂર્ણ થયા બાદ બીજા તબક્કામાં બાકી રહેતી અન્ય લીફ્ટને પણ બદલવામાં આવશે.

દત્ત મંદિર ખાતે અઘોર કષ્ટ દ્વરણ સ્ત્રોત્રમના પાઠ

ગાંધીનગર, તા. ૧૮

સે. ૨૮માં આવેલ ત્રિમૂર્તિ દત્ત મંદિર ખાતે શ્રી રંગ અવધૂત પરિવાર તરફથી અઘોર કષ્ટદ્વરણ સ્તોત્રમૂના પાઠ તથા રંગ અવધૂતી આનંદના પંચપદી ભજનના કાર્યક્રમનું તા. ૧૯મી સપ્ટેમ્બર ગુરૂવારે ભાદરવી પૂનમના દિવસે કરવામાં આવ્યું છે.

સ્વામી વાસુદેવાનંદ મહારાજની શતાબ્દી વર્ષ નિમિત્તે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રાત્રે ૮ વાગ્યાથી ૧૦ વાગ્યાના સમયે આ ભક્તિરસથી ભરપૂર કાર્યક્રમનો લાભ લેવા સર્વે ભાવિક ભક્તોને લાભ લેવા રંગ અવધૂત પરિવારના પ્રમુખ નવનીતભાઈ પાઠકે આમંત્રણ પાઠવ્યું છે.

શ્રાધ્ધ પક્ષ નિમિત્તે ભાગવત કથા

ગાંધીનગર, તા. ૧૮

સેક્ટર-૪ સ્થિત ઓમકારેશ્વર મહાદેવ મંદિર ખાતે પૂર્વજોના આશિર્વાદ મેળવવાના અને તેમના મોક્ષ અર્થે શ્રાદ્ધ પક્ષ દરમ્યાન શિવઉપાસક ગોસ્વામી સંજય ભારતી બાપુની ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૦મી સપ્ટેમ્બર, શુક્રવારે કથા પ્રારંભ થશે તેમજ તા. ૨૬મી સપ્ટેમ્બર ગુરૂવારે પુર્ણાહુતી થશે. કથાનો સમય બપોરે ૨.૩૦ થી રાખવામાં આવ્યો હોઈ સર્વે ભાવિક ભક્તોએ લાભ લેવા વસાહત પ્રમુખ તેજાભાઈ દેસાઈએ હાર્દિક નિમંત્રણ પાઠવેલ છે.

મનોવૈજ્ઞાનિક નાટક 'પ્રપંચ' ટાઉનહોલમાં રજુ થશે

ગાંધીનગર, તા. ૧૮

માનસિક રીતે પડકારરૂપ વ્યક્તિઓના સર્વાંગી વિકાસ અર્થેછેલ્લા પાંચ વર્ષથી કાર્યરત સાધના પેરેન્ટસ એસોસીએશન ઓફ મેન્ટલી ચેલેન્જડ પર્સન્સ સંસ્થા દ્વારા શહેરના ટાઉનહોલ ખાતે તા. ૧૯મી સપ્ટેમ્બર ગુરૂવારે મનોવૈજ્ઞાનિક નાટક 'પ્રપંચ'ના શો નું આયોજન કરેલ છે.

આ પ્રસંગે સંસ્થાની વેબસાઈટ તેમજ ડોક્યુમેન્ટરીનું લોન્ચીંગ પણ કરવામાં આવનાર છે. તેમજ આ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવનારાઓનું અભિવાદન કરવામાં આવશે. આ કાર્યક્રમ માનસિકરીતે પડકારૂપ જીદંગી જીવી રહેલા બાળકોના જીવનમાં નવી હૂંફ અને પ્રેરણાનો સંચાર કરશે તેવું સંસ્થાના પ્રમુખ ગંગારામ પટેલે અખબારી યાદીમાં જણાવ્યું છે. કાર્યક્રમ રાત્રે ૮.૩૦ વાગે શરૂ થશે.

વિજયાદશમી સરસ્વતી સન્માન કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૧૮

તા. ૧૩ મી ઓક્ટોમ્બર રવિવારના રોજ શહેરના ટાઉનહોલ ખાતે બપોરે ૩.૩૦ વાગે શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપુત સેવા સમાજ દ્વારા 'વિજયા દશમી સરસ્વતી સન્માન'નો કાર્યક્રમ હાથ ધરાયો છે.

આ કાર્યક્રમમાં સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવનાર છે. જેથી સમાજના સભ્યોને તેમના અભ્યાસકર્તા દિકરા દીકરીઓની માર્કશીટ તારીખ ૨૫મી સપ્ટેમ્બર સુધીમાં સેક્ટર-૧૭ કાર્યાલયે મોકલી આપવા તાકીદ કરવામાં આવી છએ. ઉક્ત સમય મર્યાદા બાદ માર્કશીટ સ્વીકારવામાં આવશે નહી. તેવું સમાજની અખબારી યાદામાં જણાવેલ છે. કાર્યક્રમમાં હાજર રહેવા દરેક સભ્યોને પત્રિકા મોકલી આપવામાં આવેલ છે.

શબ્દાવલી - ૫૧૮૦

૧	૨	૩	૪	■	૫	૬	૭
૮				■	૯		
	■	૧૦					■
૧૧	૧૨	■		■		■	૧૩
■		■	૧૪	૧૫	■	૧૬	
૧૭			■			■	
૧૮		■	૧૯		૨૦	૨૧	
■	૨૨			■	૨૩		■

આડી ચાવી

૧. ધર્મ, નહીં સિખાતા આપસ મેં બૈર રખના... (૪)
૫. નજીવું, નકામું (૩)
૮. અન્યાય સામેનો પડકાર (૪)
૯. સ્હેજ, થોડુંક (૩)
૧૦. કાનનું ઘરેણું (૫)
૧૧. લીન, મગ્ન (૨)
૧૪. થયું, પુરતું જેવો ભાવ (૨)
૧૬. નાના છોડ (૨)
૧૩. ચાર પાનાનું (છાપું) (૪)
૧૭. નાગ-સાપનું ઘર (૩)
૧૮. બટાકા-દાળ વગેરેના... બને (૨)
૧૯. ઘોર ખોદનારૂં (૫)
૨૨. યશિયો, સેર (૩)
૨૩. ઠોઠ, ઝાંખુ (૨)

ઊભી ચાવી

૧. ઉનનો સ્કાર્ફ, ગળે વીંટવાનું કપડું (૪)
૨. ચમકતા ઝીણા કસબ (૨)
૩. જીવતા હોય તેવા (૩)
૪. ખરાબ ભાગ્ય વાળુ (૫)
૫. ખૂબસુરત સ્ત્રી (૪)
૬. લાંબા આયુષ્યવાળુ (૩)
૭. રટ, જીદ્દ (૨)
૧૨. તરફડવું તે (૫)
૧૫. યાત્રા (૩)
૧૭. સહાયતા માટેની આજીજી (૨)
૧૯. જઘન્ય, ગંભીર (૨)
૨૦. ખામી (૨)
૨૧. હાર્ટ, હૃદય (૨)

શબ્દાવલી ૫૧૭૯ના જવાબ

આડી ચાવી :- (૧) ખુશનશીબ (૫) અર્થ (૬) શક (૭) તાલીમાર્થી (૯) બોટ (૧૧) ગાર (૧૨) કડક (૧૪) કોઠાર (૧૫) માલી (૧૬) પરી (૧૮) મહિયર (૧૯) રાવ (૨૦) સતત (૨૧) મેરામણ

ઊભી ચાવી :- (૧) ખુશબોદાર (૨) શકટ (૩) શીતાગાર (૪) બલી (૫) અર્થી (૮) માણેકઠારી (૧૦) ડેક (૧૧) ગાફેલીયત (૧૩) ડર (૧૪) કોપ (૧૫) માહીત (૧૭) રાવણ (૧૮) મસ (૧૯) રામ

કંપની સમાચાર

ટ્રેસિબા - ભારતમાં ટાઈપ ૧ અને ટાઈપ ૨ ડાયાબિટીસના દર્દીઓ માટે સારવારના નવા વિકલ્પરૂપે નવું બેઝલ ઈન્સ્યુલીન

ટ્રેસિબા એ નોવો નોર્ડિસ્ક કંપની દ્વારા વિકસાવાયેલું નવું બેસલ ઈન્સ્યુલીન છે, જે ભારતમાં ટાઈપ ૧ અને ટાઈપ ૨ ડાયાબિટીસના પુખ્તવયના દર્દીઓ માટે સારવારના નવા વિકલ્પ તરીકે રજૂ કરવામાં આવ્યું છે. ટ્રેસિબા એ રોજનું એક બેઝલ ઈન્સ્યુલીન તરીકે લેવાનું રહે છે જેની અસર ૪૨ કલાક સુધી રહે છે. તેને કારણે દરરોજ ડોઝના સમય વખતે લેવામાંથી રાહત મળે છે અને તેની અસર ઓછી પણ નથી થતી અને હાઈપોગ્લાઈસેમિયાનું જોખમ પણ રહેતું નથી. જે દર્દીઓ માટે દરરોજ ચોક્કસ સમયે ઈન્સ્યુલીન લેવાનું શક્ય ન બનતું હોય તેમના માટે સાનુકૂળતા કરી આપતું આ સૌપ્રથમ ઈન્સ્યુલીન છે.

ડાયાબિટીસના દર્દીઓ માટે ઈન્સ્યુલીન લેતી વખતે ઓછા બ્લડ સુગરની સ્થિતિ ઊભી થાય છે જે મોટી સમસ્યા બને છે. હાઈપોગ્લાઈસેમિયા વારંવાર થાય તો તેને કારણે ઈન્સ્યુલીનની અસર ઘટી જાય છે અને પરિણામે લાંબા ગાળે બીજી સમસ્યા ઊભી થવાનું જોખમ રહે છે. ખાસ કરીને ડાયાબિટીસના દર્દીઓ માટે રાત્રિના સમયે થતું હાઈપોગ્લાઈસેમિયા વધારે ચિંતાનો વિષય બને છે, કારણ કે તેવા સમયે તેને ડિટેક્ટ કરી શકાતું નથી. આવા સમયે ટ્રેસિબાથી રાત્રિના સમયે હાઈપોગ્લાઈસેમિયાનો દર ઘટી જશે અને તેને કારણે કેટલાક અંશે દર્દીની ચિંતા દૂર થશે અને વધુ સારી રીતેગ્લુકોઝના ટારગેટ સેટ કરી શકશે. બજારમાં ઉપલબ્ધ અન્ય મોલેક્યુલ્સની સરખામણીમાં ટ્રેસિબા બ્લડમાં ગ્લુકોઝનું પ્રમાણ ઘટાડે છે અને નાઈટ ટાઈમ હાઈપોગ્લાઈસેમિયાનું જોખમ ઘટાડે છે.

"ઈન્ડીયા ઈન્ટરનેશનલ ફોટો વિડિયો ટ્રેડ ફેર-૨૦૧૩"

નોન-પ્રોફીટ ગુજરાત ફોટોગ્રાફીક ટ્રેડ અને ઈન્ડસ્ટ્રી એસોસીએશન કે જે ફોટોગ્રાફર્સ સમુદાય માટે સતત કંઈક કરવાની ખેવના ધરાવે છે અને પ્રોફેશનલ ટ્રેડ ફેર્સ, એક્સ્પો અને એક્ઝિબિશન્સનું ૧૯૯૮થી આયોજન કરનાર આકાર એક્ઝિબીટર્સ સાથે મળીને 'ઈન્ડીયા ઈન્ટરનેશનલ ફોટો વિડિયો ટ્રેડ ફેર-૨૦૧૩નું આયોજન કરી રહ્યા છે. તેઓએ આ ટ્રેડ ફેરનું અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી એક્ઝિબીશન હોલ, હેલમેટ ચાર રસ્તા ખાતે તા. ૨૦ થી ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૩ દરમ્યાન આયોજન કરાયું હોવાની માહિતી આપી હતી. આ ઈવેન્ટના આયોજકોએ જણાવ્યુ હતુ કે આ ટ્રેડ ફેરમાં વિશ્વભરમાંથી ૨૫૦થી વધુ ઉમેદવારો સામેલ થવાની અપેક્ષા છે. જેમાં ટ્રેડ વિઝટર્સ, ઉત્સાહી ફોટોગ્રાફર્સ, વિડિયો અને પ્રિન્ટ સર્વિસ પ્રોવાઈડર્સ, સ્ટુડિયો અને નવાંગતુક ફોટોગ્રાફર્સ સામેલ થવાની આશા છે.

આરટીઓની ઝુંબેશ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડિટેઈન કરવાની કાર્યવાહી હાથ ધરાશે. વધુમાં ટ્રાફીક પોલીસ સાથે સંકલન કરી નો પાર્કીંગ ઝોનમાં અડીંગો જમાવતા ખાનગી વાહનો સામે પણ પગલા લેવાશે. આ દરમિયાન ગેરકાયદેસર મુસાફરો ભરી હેરાફેરી કરતા શટલીયા જીપચાલકો સહીતના ખાનગીવાહનો સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવશે. નવા સ્ટાફની ભરતી બાદ આર.ટી.ઓ. તંત્ર દ્વારા ફીલ્ડ વર્ક મજબૂત કરી ટ્રાફીકને લગતી સમસ્યા ડામવા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

વાજપેયીની છાપ હશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાહુલ ગાંધી હોય કે લોકસભાના સ્પીકર મીરાંકુમાર, ઉમેદવારથી કોંગ્રેસને કોઈ ફરક પડે તેમ નથી. કોંગ્રેસે નકારાત્મકતાનો માહોલ દૂર કરવો પડશે.

બીજી તરફ ભાજપ પાસે કોંગ્રેસે આપેલા શાસનના અનેક મુદ્દાઓ મોજૂદ છે. પાંચ વર્ષના શાસનમાં થયેલા ગોટાળા, દેશની આર્થિક સ્થિતિ, રૂપિયાનું અવમૂલ્યન, મોંઘવારી, ભ્રષ્ટાચાર, બેકારી, નિર્ણય લેવાની અક્ષમતા, કોંગ્રેસ શાસિત રાજયોના નબળાં શાસન, આંતરિક તેમજ બાહ્ય સુરક્ષાનો ખતરો, પાકિસ્તાન અને ચાઈના બોર્ડરની સમસ્યા તેમાં મુખ્ય છે. ભાજપનો પ્લસ પોઈન્ટ નરેન્દ્ર મોદી છે. ભાજપે મોદીને વડા-પ્રધાનના ઉમેદવાર બનાવી દીધા હોવાથી તેમની લોકપ્રિયતાનો દેશભરમાં લાભ લઈ શકાશે. મોદીની આ નિયુક્તિ પછી એક બાબત સ્પષ્ટ છે કે તેઓ ભાજપની બેઠકોમાં વધારો કરશે.

આમ છતાં બન્ને મુખ્ય પાર્ટીઓએ શાસન કરવા માટે અન્ય -દેશિક પક્ષોનો સહારો લેવો પડશે તે પણ એક હકીકત છે. લોકસભાની ચૂંટણીના સર્વે ભલે ગમે તેની ફેવરમાં હોય, યુપીએ અને એનડીએ સિવાય છૂટકો નથી. આ સંજોગોમાં ભાજપે તેના નવા એનડીએ માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ભાજપને કોણ સમર્થન આપે તેમ છે તેનો સર્વે કરીને ચૂંટણી પહેલાં અને ચૂંટણી પછીના ગઠબંધન કેવા હોઈ શકે તેની બ્લ્યુ ન્ટિ બનાવવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે.

**કર્ણાટકમાં ભાજપથી વિખૂટા પડીને અન્ય પાર્ટીની રચના કરનારા યેદુરપ્પાની પાર્ટી ભાજપમાં ભળી ગઈ છે. ભાજપ પાસે પંજાબમાં અકાલી દળ અને મહારાષ્ટ્રમાં શિવસેના છે. મોદી કેટલાક -દેશિક પક્ષોના સંપર્કમાં છે, જેમાં સંગમાની પાર્ટીનો પણ સમાવેશ થાય છે. ટૂંક સમયમાં મોદી તેમના ખાસ મિત્ર જયલલીથાને પણ મળી રજ્ઞાં છે. પશ્ચિમ બંગાળમાં તેમની નજર મમતા બેનરજી ઉપર પણ છે. ઉત્તર-દેશમાં એસપી અને બીએસપી સાથે હજી મિત્રતાના સબંધો કેળવાયા નથી. ભાજપના વરિષ્ઠ નેતા અટલ બિહારી વાજપેયીના સમયમાં એનડીએ હતું તે હવે તૂટી ગયું છે. સૌથી મોટા પક્ષ જેડીયુન